વલસાડમાં કોઇ સંસ્થા કંઇ સારું કરવા માંગે તો પણ પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓના પાપે કંઇ કરી શકતી નથી

# કચરો ઉપાડવાના ટેમ્પો અને ટ્રેક્ટરો જ કચરો બની ગયા

■ વલસાડ નગરપાલિકા ગેરવહીવટનો બેનમૂન નમૂનો બનવામાં કોઇ કસર બાકી રાખતી નથી

■ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પાલિકાને ફાળવેલા લાખો રૂપિયાના ટેમ્પો બે વર્ષમાં જ ભંગાર બની ગયા

■ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ પદાધિકારીઓના પાપે પાલિકાની લાખો રૂપિયાની મિલકત કચરો બની




વલસાડ : વલસાડ નગરપાલિકા ગેરવહીવટનો બેનમૂન નમૂનો બનવામાં કોઈ કસર બાકી રાખતી નથી. પાલિકાનું ડ્રેનેજ વિભાગ હોય કે સેનેટરી વિભાગ. તેમના અધિકારીઓ કર્મચારીઓ તેમજ પદાધિકારીઓના પાપે નગર પાલિકાની લાખો રૂપિયાની મિલકતો કચરો બની રહી છે. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત વલસાડ પાલિકાને છોટા હાથી ટેમ્પો ફાળવવામાં આવ્યા હતા. આ ટેમ્પો હાલ પોતે જ કચરો બની ગયા છે. પાલિકાને ટેમ્પો તો મળ્યા, પરંતુ તેના ડ્રાઈવરો જ ન મળતા આ ટેમ્પો પાલિકાના પ્લોટમાં હાલ ધૂળ ખાઈને ભંગાર થઈ ગયા છે.

વલસાડ શહેરમાં એક તરફ ત્રયમ ફાઉન્ડેશન દ્વારા સુકો ભીનો કચરો છૂટો પાડી પાલિકાને આપવા માટેનું અભિયાન ચલાવાયું હતુ. તેમના દ્વારા લોકોને શિક્ષિત કરાયા હતા. તેમની રાત-દિવસની મહેનત પર પાલિકા પાણી ફેરવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. તેમના પ્રયાસથી લોકોમાં જાગૃતિ આવી છે, પરંતુ બીજી તરફ ભારત સરકાર દ્વારા પાલિકાને આ સુકો અને ભીનો કચરો ઉઠાવવા માટે છોટા હાથી ટેમ્પા આપ્યા હતા. આ આઠ ટેમ્પા હાલ પાલિકાના તિથલ રોડ સ્થિત એક રિઝર્વ પ્લોટમાં ધૂળ ખાઈને ભંગાર થઈ ગયા છે.

## ટેમ્પોને 2 વર્ષમાં ભંગાર બનાવી દેવાયા

પાલિકાના કર્મચારી સુકો અને ભીનો કચરો તેમના મર્યાદિત મોટા ટેમ્પામાં જ ઉઠાવી રહ્યા છે. પાલિકામાં આ છોટા હાથી ટેમ્પા માટેના ચાલકો જ નથી. મર્યાદિત સ્ટાફ હોય, તેમણે મોટા ટેમ્પામાં જ કચરો ઉઠાવવા નિકળવું પડતું હોય છે. એક બે નાના ટેમ્પાથી તેઓ શહેરભરનો કચરો ઉઠાવી શકતા નથી. જેના કારણે આ નાના ટેમ્પાઓ અને અગાઉ ફાળવાયેલા કચરો ઉપાડવાના ટ્રેક્ટરો પણ હાલ જર્જરિત બની ગયા છે. આ ટેમ્પા મળ્યાને 2 વર્ષ થયા નથી અને તેને ભંગાર બનાવી દેવાયા છે. ત્યારે આ સંદર્ભે હવે નવી ચૂંટાયેલી પાંખ દ્વારા યોગ્ય વહીવટ થાય એ જરૂરી બન્યું છે. વલસાડ શહેરમાં કોઇપણ સંસ્થા કંઇ સારું કરવા માંગે તો પણ તેઓ પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓના પાપે કંઇ કરી શકતી નથી.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

## સંજાણના કોળીવાડમાં કચરાનાં ઢગલામાં આગ ભભૂકી



ઉમેશ સોલંકી

■ ઉમરગામ : ઉમરગામ તાલુકાના સંજાણ કોળીવાડમાં કચરાનાં ઢગલામાં રાતે આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. દોડી આવેલ ફાયર ફાઈટરની ટીમે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ઉમરગામ તાલુકાના સંજાણ ખાડી નજીક કોળીવાડ વિસ્તારમાં સંગ્રહ કરેલા કચરાનાં ઢગલા વેસ્ટ પ્લાસ્ટિકમાં મોડી રાતે કોઈક કારણોસર ભીષણ લાગી હતી. અને ધૂમાડો ચારે બાજુ ફેલાઇ ગયો હતો. આગની જ્વાળાથી રાત્રે આજુબાજુમાં રહેતા લોકો પણ બહાર આવી ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર વિભાગ પણ દોડી આવ્યો હતો અને આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

# નવસારી મનપાના મદદનીશ મ્યુ. ઈજનેરની ખોટી નિમણૂક અને ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે કમિશનરને રાવ

**નગરપાલિકાના** તત્કાલિન પ્રમુખ, ચીફ ઓફિસર, કારોબારી ચેરમેન અને મ્યુ. એન્જિનિયર વિરુદ્ધ કાયદાકીય પગલા ભરવા માંગ

**પાલિકા** દ્વારા હુકમ કરી કરાયેલો કરાર પણ શંકાસ્પદ કરેલો હોવાના આક્ષેપ

નવસારી : નવસારી મનપામાં મદદનીશ મ્યુ. ઈજનેર કિરણ પટેલની ખોટી નિમણૂક અને ભ્રષ્ટાચાર આક્ષેપ બાબતે નવસારીના જાગૃત નાગરિકે વિજીલન્સ કમિશ્નરને રાવ કરી નગરપાલિકાના તત્કાલિન પ્રમુખ, ચીફ ઓફિસર, કારોબારી ચેરમેન અને મ્યુ. એન્જિનિયર વિરુદ્ધ કાયદાકીય પગલા ભરવા માંગ કરી છે.

નવસારીના રીતેશ પટેલે ગુજરાત વિજીલન્સ કમિશનના કમિશનરને કરેલી લેખિત રાવમાં જણાવ્યું હતું કે, હાલમાં નવસારી મહાનગરપાલિકામાં ફરજ બજાવતા મદદનીશ મ્યુનિસિપલ ઈજનેર કિરણ પટેલની જાહેરાત તેમજ ઇન્ટરવ્યુ વગર અને ખોટા ઠરાવ કરીને તેની જીયુડીએમમાં ચાલુ કરારની નોકરીમાં નવસારી નગરપાલિકામાં નિમણૂક કરી હોવાના આક્ષેપો કર્યા છે. કિરણ પટેલ જીયુડીએમના અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક્સપર્ટની પોસ્ટ પર કરાર આધારિત કર્મચારી હતા. જેણે પાલિકામાં ખોટી રીતે ટીમના હોદ્દાની વિરુદ્ધ મ્યુનિસિપલ ઈજનેરની પોસ્ટ પર ફરજ બજાવતા હોવાના આક્ષેપો કર્યા છે. કિરણ પટેલે ગત 9-12-2024 ના રોજ જીયુડીએમમાં રાજીનામું આપ્યું હતું. પોતાની ચાલુ ફરજ દરમિયાન તેઓ દ્વારા 1-10-2024 ના રોજ નવસારી નગરપાલિકામાં મદદનીશ મ્યુ. ઈજનેર તરીકે લેવા માટે અરજી કરેલી હતી. તત્કાલિન કારોબારી ચેરમેન પિયુષ ગજેરા દ્વારા મહેકમ કમિટીમાં કામ લીધા વગર ગત 16-10-2024 ના રોજ તેઓને લેવા માટે કારોબારી કમિટીમાં ઠરાવ કર્યો અને ગત 28-10-2024 ના રોજ સામાન્ય સભામાં એજન્ડામાં લીધા વગર પાસ કર્યું હોઅના આક્ષેપો કર્યા છે. આ ઠરાવ 16-10-2024 ના રોજ કરેલો હોવા છતાં સામાન્ય સભાના એજન્ડામાં લીધા નથી અને ખોટી રીતે પાસ કર્યો છે. જે ખુબ જ શંકા ઉપજાવે છે. કિરણ પટેલ દ્વારા 9-12-2024 ના રોજ ઈ-મેઈલથી જીયુડીએમમાં રાજીનામું આપ્યું અને 10-12-2024 ના રોજ પાલિકા દ્વારા હુકમ કર્યો અને તે જ દિવસે કિરણ પટેલ દ્વારા પાલિકા સાથે કરાર કરવામાં આવ્યો હતો. પરંતુ કરારમાં જે 10-12-2024 ની તારીખ લખી હતી ત્યાં છેકછાક કરીને 7 ની જગ્યાએ 10 કરેલી છે અને કારતક સુદ છઠને શનિવાર લખ્યું છે. પણ શનિવારે 7-12-2024 તારીખ હતી. આમ કરાર પણ શંકાસ્પદ રીતે કરેલો હોવાના આક્ષેપો કર્યા છે.

### જીયુડીએમમાં 57,000નો હતો જે છોડીને પાલિકામાં 27,000ના પગારથી જોડાયા

કિરણ પટેલનો જીયુડીએમમાં 57,000 પગાર હતો. જે છોડીને પાલિકામાં 27,000 પગારથી જોડાયા જે શંકા ઉપજાવે છે. તથા મદદનીશ મ્યુ. ઈજનેર માટે 16,500 પગાર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલો હતો જેનો પણ ભંગ કરવામાં આવ્યો હોવાના આક્ષેપો કર્યા છે. ત્યારે તત્કાલિન કારોબારી ચેરમેન, પ્રમુખ, ચીફ ઓફિસર અને કિરણ પટેલ દ્વારા એકબીજાની મિલીભગતમાં કિરણ પટેલની ચાલુ નોકરીમાં ખોટી રીતે ઠરાવ કરી સામાન્ય સભામાં એજન્ડા વગર પસાર કરી, સભ્યોને તેની જાણ ન થાય અને નિયમ વિરુદ્ધ જાહેરાત વગર વધુ પગારે નિમણૂક કરી હોવાના આક્ષેપો કર્યા છે. જેથી તત્કાલિન કારોબારી ચેરમેન, પ્રમુખ, ચીફ ઓફિસર અને કિરણ પટેલ સામે કાયદાકીય પગલા ભરવાની માંગ કરી છે.

# ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના કારકુને ૨૨ લાખની ઉચપાત કર્યાનું બહાર આવ્યું

**ફરી** એક વાર હોસ્પિટલનો રેઢિયાળ કારભાર બહાર આવ્યો

**ગાંધીનગરની** ટીમની તપાસ દરમ્યાન કોભાંડનો ભાંડો ફૂટ્યો



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ગાંધીનગરની ટીમની તપાસ દરમ્યાન આઉટ સોસિંગના કારકુન દ્વારા ચાર બીલમાં ગોબાચારી કરી અંદાજીત રૂપિયા ૨૨ લાખની રકમ પોતાના ખાતામાં જમા કરી દીધી હોવાની હકીકત બહાર આવવા પામી છે. ત્યારે ફરીએક વાર હોસ્પિટલનો રેઢિયાળ કારભાર બહાર આવ્યો છે. એ જી રાજકોટના ઓડિટમાં સમગ્ર કોભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સરકાર દ્વારા હાલે કરોડો રૂપિયાના ખર્ચે નવા અદ્યતન મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. આ હોસ્પિટલ રેફરલ હોસ્પિટલ હતી ત્યારથી એટલે કે વર્ષોથી અધિક્ષક તરીકે ડો.દક્ષાબેન પટેલ ફરજ બજાવી રહ્યા છે. આ હોસ્પિટલમાં મોટી રકમની ગેરરીતિ થઈ હોવાની બાબતે મંગળવારના રોજ મોડી સાંજે ગાંધીનગરથી આવેલ ઓડીટ ટીમ દ્વારા તપાસ હાથ ધરી હતી.

હોસ્પિટલમાં સતીષ છનાભાઈ ભોયે (રહે.માંડવખડક તા.ચીખલી) છેલ્લા ૧૦ વર્ષથી આઉટ સોસિંગ કર્મચારી તરીકે હિસાબી શાખામાં ફરજ બજાવે છે. જેણે ચાર અલગ અલગ બિલમાં ગેરરીતિ આચરી અંદાજીત રૂપિયા ૨૨ લાખ રૂપિયા જેટલી રકમ ઉચાપત કરી હોવાનું ઓડીટ ટીમની તપાસમાં બહાર આવ્યુ હતું.

સતીષ ભોયેએ માતબર રકમ ખાતામાં જમા કરી દેતા એ.જે કચેરી રાજકોટના ઓડીટ દરમ્યાન એક જ બઈલના નાણાં બૅંભએ વખત ચુકવણું કર્યા હોવાનું બહાર આવતા ગાંધીનગરની આરોગ્ય વિભાગની ઓડીટ ટીમને કરવામાં આવતા ઓડીટની ટીમે ચીખલી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે આવી તપાસ કરી હતી.

### કર્મચારી ભૂગર્ભમાં ઉતરી ગયો

સતીષ ભોયે દ્વારા એક બિલના નાણાં બે વાર એજન્સીને ચૂકવી બીજી વખતના નાણાં ભૂલથી આવી ગયા હોવાનું અને આ નાણાં ફરી પોતાના ખાતામાં જમા કરાવવા જણાવી એમ અલગ અલગ ચાર ટ્રાન્ઝેક્શન દ્વારા અંદાજીત રૂપિયા ૨૨ લાખની ઉચાપત કરી હોવાનું બહાર આવવા પામ્યું છે. જોકે આ કર્મચારી તા:૧૮/૦૩/૨૫ થી નોકરી ઉપર ન આવી હાલે ભૂગર્ભમાં ઉતરી ગયો છે. ત્યારે તપાસ ટીમ દ્વારા આ કર્મચારી ઉપરાંત હોસ્પિટલના અન્ય જવાબદાર અધિકારીની પણ જવાબદારી નક્કી કરી ઉચાપતનો ગુનો નોંધાવવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું.

### પોતાના ખાતામાં રકમ જમા કરી હોવાનું બહાર આવ્યું

અન્વેષણ અધિકારી હરીશભાઈ પટેલના જણાવ્યાનુસાર ચીખલીની હોસ્પિટલમાં બિલોની રકમ આઉટ સોસિંગના કર્મચારી દ્વારા પોતાના ખાતામાં જમા કરી દીધી હોવાનું એમ જી રાજકોટના અહેવાલમાં બહાર આવતા અમે તપાસ હાથ ધરતા આઉટ સોસિંગના સતીષ ભોયે નામના કર્મચારી દ્વારા અંદાજીત ૨૨ લાખ રૂપિયાની રકમ પોતાના ખાતામાં જમા કરી દીધી હોવાનું બહાર આવ્યું છે.

# ચોરીની અરજીની રમત : ચોર પકડાયા બાદ અરજી ફરિયાદ બની

**બીલીમોરા** અઢી મહિના પહેલા થયેલી ચોરીની ફરિયાદ અત્યારે નોંધાઇ

**જે** તે વખતે પોલીસે અરજી લઈને કામ ચલાવ્યું હતું. ત્યારે હવે ચોરો પકડાતા ફરિયાદ નોંધાઇ

બીલીમોરા : બીલીમોરામાં અઢી મહિના પહેલા બંધ ઘરને ચોરોએ નિશાન બનાવી રૂપિયા 92, 640 ના સોનાના દાગીના અને રોકડની ચોરીની ફરિયાદ ઘર માલિકે હાલમાં જ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બીલીમોરા ગોહરબાગ એલ.એમ.પી સ્કૂલની સામે 202 રાજંસ કોમ્પલેક્ષમાં રહેતા બ્રિજેશકુમાર મુકેશચંદ્ર ભાવસાર (41) પત્ની અને બાળકો સાથે ઘર બંધ કરીને ગત 11/1/2025 એ સુરત ખરીદી કરવા ગયા હતા. મોડી રાત્રે ઘરે પરત થયા તો ઘરના દરવાજાને મળેલું તાળું હતું નહીં. ઘરનો સામાન વેરવિખેર પડ્યો હતો. જે બાદ કબાટ ચેક કરતા કબાટમાં સોનાનું એક તોલાનું મંગલસૂત્ર કિંમત 58640 સાથે સોનાની બુટ્ટી 9 હજાર, સોનાની વીંટી 10 હજાર સાથે 15 હજાર રોકડા મળી 92,640 ની ચોરી થયાનું જણાયુ હતું. જોકે તે સમયે પોલીસે બનાવ સંબંધે માત્ર અરજી લીધી હતી. અને હવે અઢી મહિના પછી ફરિયાદ નોધાવા પામી છે.

### અમે ફરિયાદ કરવા ગયા તો પોલીસે માત્ર અરજી લીધી

આ અંગે બ્રિજેશકુમાર ભાવસારે જણાવ્યું કે બનાવ બન્યા પછી અમે ફરિયાદ કરવા ગયા હતા. જેમાં પોલીસે માત્ર અરજી લીધી હતી. અને હવે ફરિયાદીને એવી જાણકારી મળી છે કે એલસીબી પોલીસે ચોરોને પકડ્યા છે એટલે પોલીસે એફ.આય.આર નોંધી હશે.

### ફરિયાદીએ માત્ર અરજી આપી હતી

જોકે આ અંગે પોલીસે ફરિયાદ મોડી નોંધવા પાછળનું કારણ આપતાં કહ્યુ હતુ કે ફરિયાદી ફરિયાદ આપવા ઈચ્છતા ન હતા, તેમણે માત્ર અરજી આપી હતી.

## નવસારીમાં ગરમીનો પારો વધુ અઢી ગગડ્યો પણ બફારો અકળાવનારો રહ્યો

નવસારી : નવસારીમાં આજે ગરમીનો પારો વધુ અઢી ડિગ્રી ગગડ્યો છે. જેથી ગરમી ઓછી થઈ હતી. પરંતુ બફારો અકળાવનારો રહેતા લોકો પરસેવે રેબઝેબ થયા હતા. બુધવારે નવસારીમાં ગરમીનો પારો 2.7 ડિગ્રી ગગડીને 34.8 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાનમાં 1 ડિગ્રીનો વધારો થતા 20 ડિગ્રી નોંધાયું છે. બુધવારે ભેજનું પ્રમાણ 96 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 46 ટકા જેટલું નીચું રહ્યું હતું.

# વડોદરાના ઈલ્યાસે પ્રેમજાળમાં ફસાવી નવસારીની યુવતી પાસેથી પૈસા પડાવ્યા

**ફેસબુક** અને વોટ્સએપના માધ્યમથી મિત્રતા બાંધી પરિણીત હોવાની વાત સંતાડી લગ્નની લાલચે 1.60 લાખ રૂપિયા પડાવી લીધા

નવસારી : બરોડાના પરિણીત યુવાને નવસારીની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી 1.60 લાખ રૂપિયા પડાવી છેતરપિંડી આચરી હોવાનો બનાવ નવસારી ટાઉન પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારી દશેરા ટેકરી તળાવ ફળીયામાં નીલોફર છોટાખાન પઠાણ (ઉ.વ. 35) તેમના પરિવાર સાથે રહે છે. નિલોફરે ફેસબુક અને વોટ્સએપના માધ્યમથી બરોડાના વાસણા રોડ બીનાનગર ફિરોઝનગર સોસાયટીમાં રહેતા ઈલ્યાસ સલીમભાઈ પઠાણ સાથે મિત્રતા બાંધી હતી. પરંતુ ઈલ્યાસ પરિણીત હોવા છતાં તેણે નીલોફરને પરિણીત હોવાની વાત સંતાડી હતી. બંને વચ્ચે વધુ વાતચીત થતા તેઓ વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. દરમિયાન ઈલ્યાસે નીલોફરને પ્રેમ જાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. જેથી નીલોફર ઈલ્યાસ ઉપર આંખ બંધ કરી વિશ્વાસ કરતી હતી. પરંતુ ઈલ્યાસ કોઈને કોઈ બહાને નીલોફર પાસેથી પૈસાની માંગણી કરતો હતો.

જોકે નીલોફરને ઈલ્યાસ ઉપર વિશ્વાસ હોવાથી તેણી ઈલ્યાસને પૈસા આપતી હતી. થોડા સમય અગાઉ જ ઈલ્યાસ પહેલેથી જ પરિણીત હોવાની જાણ નીલોફરને થઈ હતી. પરંતુ નીલોફર ઈલ્યાસને 1.60 લાખ રૂપિયા પડાવી લીધા હતા. જેથી નિલોફરે ઈલ્યાસ પાસેથી આપેલા રૂપિયા પરત માંગ્યા હતા. પરંતુ ઈલ્યાસે રૂપિયા પરત ન આપી નીલોફર સાથે છેતરપિંડી આચરી હતી. આ બાબતે નિલોફરે નવસારી ટાઉન પોલીસ મથકે ઈલ્યાસ પઠાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.આઈ. એ.એસ. સરવૈયાએ હાથ ધરી છે.

## બીલીમોરા જૈન સંઘમાં જૈન આચાર્ય ભગવંતોની પધરામણી, ભવ્ય સામૈયું કરાયું



કેરસી બારીયા

■ બીલીમોરા : દીક્ષા ગ્રહણના ૧૩ વર્ષો બાદ બીલીમોરાના પનોતા પુત્ર જૈન મુનિરાજ પારિજાત વિજયજીની પધરામણી બાદ બુધવારે સવારે બે આચાર્યો સાથે ૧૦ સાધુ ભગવંતોએ પધરામણી કરી હતી. જેમને યાદગાર સામૈયા સાથે પ્રવેશ કરાવી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. બીલીમોરા જૈન સંઘમાં મંગળવારે સવારે મુનિશ્રી પારિજાત વિજયજીનાં ગુરુદેવ સંઘશાસન કૌશલ્યાધાર, તાર્કિક શિરોમણી પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયજયસુંદરસુરી મહારાજ તથા અધ્યાત્મ રસિક શ્રીમદ્ વિજય પ્રેમસુંદરસૂરિ મહારાજ પધારતા શ્રી સંઘમાં હર્ષ અને ઉત્સાહની વૃદ્ધિ થઈ હતી. શ્રી સંઘ પરીવારે આચાર્ય ભગવંત અને ૧૦ સાધુ ભગવંતોનું ભવ્ય સામૈયું કરાયું હતું. જે બાદ માંગલિક પ્રવચનનો ભક્તોએ લાભ લીધો હતો. જેમાં મુનિશ્રીએ બંને ગુરુ ભગવંતોની ગુણ સુષ્ટિનું વર્ણન કર્યું હતું કે આજે બીલીમોરા શ્રી સંઘના આંગણે માત્ર સોનાનો સૂરજ નથી ઉગ્યો પણ સાથે ચાંદીનો ચાંદો પણ ઉગ્યો છે. એક આચાર્ય ભગવંત સૂર્યની જેમ જ્ઞાનનું તેજ રેલાવે છે. તો બીજા આચાર્ય ભગવંત પ્રેમની શીતળ ચાંદની રેલાવે છે. આચાર્ય જયસુંદરસૂરિ મહારાજ જૈન જગતના શ્રેષ્ઠ વિદ્વાનોની અગ્ર પંક્તિમાં બિરાજમાન છે. અત્યંત જટિલ તર્ક પ્રમાણ શાસ્ત્રોનું હિન્દી વિવેચન કરી અદભૂત જ્ઞાન પ્રતિભા છતી કરી, બીજા આચાર્ય પ્રેમસુંદરસૂરિ મહારાજ અધ્યાત્મ યોગના ઊંડા રહસ્યોના જ્ઞાતા છે. કેટકેટલાય સાધુ ભગવંતોને સેંકડો શાસ્ત્રો ભણાવ્યા છે. પ્રભુ ભક્તિથી ભીંજવી દેવાની અજબ હથોટી ધરાવે છે. સવારે ૯:૩૦ કલાકે ઉપકરણ વંદનાવલિનો કાર્યક્રમ થયો હતો.

**ઉદાસીનતા** - ડાંગ જિલ્લામાં કાયમી કલેકટરની નિમણૂકના અભાવે પ્રવાસન ઉદ્યોગ પર માઠી અસર

# ધણી ધોરી વિનાનું અનેક સમસ્યાથી પીડાતું સાપુતારા

**સાપુતારામાં** પ્રવાસીઘર સહીત બોટીંગ જેવી પ્રવૃત્તિ છેલ્લા દોઢ વર્ષથી બંધ રહેતા સરકારી તિજોરીને ફટકો

**તંત્રની** ઉદાસીનતાને પગલે કોઈપણ કારણ વગર પ્રવાસીઘર બંધ કરી દેવાયું

**સર્પગંગા** તળાવનો સરવે હાથ ધરાયો પરંતુ હજુ સુધી કોઈ ટેન્ડર બહાર ન પડતા અનેક પ્રશ્નાર્થ સર્જાયા



ગીરીશ ભોયે

સાપુતારા : ગિરિમથક સાપુતારા ખાતે સ્થાનિક વહીવટી તંત્રનાં ઉદાસીનતાભર્યા વલણને પગલે છેલ્લા દોઢેક વર્ષથી જિલ્લા પંચાયત હસ્તકનું પ્રવાસીઘર અને નૌકાવિહાર બંધ રહેતા સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડાઈ રહ્યો છે. ગિરિમથક સાપુતારા ખાતે મધ્યમ વર્ગીય પ્રવાસીઓ માટે કીફાયતી ભાવે રૂમો ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા પંચાયત હસ્તક પ્રવાસીઘર નિર્માણ કરાયુ હોય છે. ત્યારે તંત્રની ઉદાસીનતાને પગલે કોઈપણ કારણ વગર બંધ કરી દેવાતા જિલ્લા પંચાયત તિજોરીને કરોડો રૂપિયાની આવક ગુમાવવાની નોબત ઉભી થઈ રહી છે. તંદુપરાંત સાપુતારાનાં વિકાસમાં મહત્વનો ફાળો ગણાતા નૌકાવિહાર એક્ટિવિટી પણ બંધ કરી દેવાતા નોટિફાઈડ કચેરીને વર્ષે કરોડો રૂપિયાની આવક થતી હોવા છતાં અધિકારીઓની આડોડાઈને પગલે સરકારી તિજોરીમાં આવક થવાને બદલે રેવન્યુમાં ઘટાડો નોંધાવા પામ્યો છે. થોડા દિવસ પૂર્વે જ સાપુતારા ખાતે આવેલા સર્પગંગા તળાવનો સરવે હાથ ધરાયો હતો. પરંતુ સરવે બાદ હજુ સુધી કોઈ ટેન્ડર બહાર ન પડતા અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે.

સાપુતારા ખાતે જિલ્લા પંચાયત હસ્તકનું પ્રવાસીઘર મધ્યમ વર્ગીય પ્રવાસીઓ માટે ફાયદાકારક હોય તે કોઈપણ વ્યાજબી કારણ વગર માત્ર એક અધિકારીના અહમને પગલે બંધ કરી દેવાયું હોવાનું જિલ્લા પંચાયત વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે. જ્યારે ડાંગ જિલ્લામાં કાયમી કલેકટરની નિમણૂક કરવામાં ન આવતા કોઈ નિર્ણય ન લેવાના કારણે બોટિંગ એક્ટિવિટી પણ બંધ હોય સરકારી તિજોરીને ફટકો પડવા સાથે પ્રવાસન ઉદ્યોગ પર માઠી અસર થઈ રહી છે. સાથે બોટીંગ બંધ રહેતા સાપુતારામાં શનિ રવિની રજાઓમાં પણ નહિવત પ્રવાસીઓ જોવા મળે છે.

### પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો નોંધાતા શ્રમિક પરિવારોને હાલાકી

સાપુતારામાં પ્રવાસીઓની સંખ્યામાં દિન પ્રતિદિન ઘટાડો નોંધાતા ભોગવવાનો વારો રોજનું રળી ખાતા શ્રમિક પરિવારનો આવ્યો છે. તેવા સંજોગોમાં હાલ ઉનાળું વેકેશન શરૂ થાય તે પહેલા જિલ્લા તંત્ર દ્વારા પ્રવાસીઘર સહીત નૌકાવિહાર એક્ટિવિટીઓ શરૂ કરી પ્રવાસી હિતમાં યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જરૂરી છે.